






ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં છઠ્ઠા નોરતે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ મા આદ્યશક્તિની આરતી ઉતારી હતી. ગાંધીનગરના પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને પુનમભાઈ મકવાણા, ગાંધીનગરના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા હિમાંશુ પટેલે પણ આરતી ઉતારી હતી. કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓથી છલકાયું હતું.

# નવરાત્રીમાં એસટી બસમાં ગૂંજે છે આરતીના સૂર..!!!

## ગાંધીનગરથી પસાર થતી જંત્રાલ-અમદાવાદ બસમાં નિયમિત અપડાઉન કરતા મુસાફરો સવાર-સાંજ આરતી-પૂજા કરે છે : બંને ટાઈમ નાસ્તા-પ્રસાદની પણ વ્યવસ્થા કરાય છે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં નવરાત્રી પર્વની ઉજવણી તેની ચરમસીમાએ પહોંચી છે. શહેરમાં અબાલવૃદ્ધ સૌ કોઈ આદ્યશક્તિ મા જગદંબાની આરાધનામાં તલ્લીન બની રહ્યાં છે. જેમને પોતાના નોકરી-વ્યવસાય માટે દરરોજ અપડાઉન કરવું પડે છે તેવા નાગરિકોએ પણ બસની અંદર નવરાત્રીના નવ દિવસ માતાજીની પૂજા-આરતી-અર્ચના કરવાની વ્યવસ્થા ગોઠવી છે. જંત્રાલ-અમદાવાદ બસમાં નિયમિત અપડાઉન કરતા મુસાફરો બસમાં જ પૂજા-આરતી સાથે પ્રસાદ-નાસ્તાની વ્યવસ્થા કરી રહ્યાં છે.



છેલ્લા કેટલાય વર્ષોથી જંત્રાલ-અમદાવાદ બસ જે ગાંધીનગર થઈને પસાર થાય છે તેમાં નિયમિત અપડાઉન કરતા મુસાફરો દ્વારા નવરાત્રીના નવે દિવસ સવાર-સાંજ માતાજીની પૂજા-આરતી કરવામાં આવે છે. નવરાત્રી મંડળના નેજા હેઠળ આ કાર્યક્રમનું પદ્ધતિસર આયોજન કરાય છે અને નિયમિત અપડાઉન કરતા મુસાફરો સવાર-સાંજના નાસ્તા પ્રસાદની વારાફરથી જવાબદારી ઉપાડી લે છે. નાસ્તા-પ્રસાદમાં શીરાનો મહાપ્રસાદ, પેંડા, ઈડલી-ચટણી, દાદીમાનું ખીચુ, સમાસો, ચિકી-ચોકલેટ, હાંડવો, વડાપાઉં, મોતિયા લાડુ, ચવાણું, દાબેલુ વગેરે ઉપરાંત આઈસ્ક્રિમ જેવી વ્યવસ્થા પણ કરવામાં આવે છે. નવરાત્રી મંડળ દ્વારા આ માટે કોમ્પ્યુટરાઈઝ્ડ યાદી બનાવવામાં આવે છે જેમાં નોરતા દીઠ નાસ્તા-પ્રસાદના દાતાનું નામ જણાવેલ હોય છે. નાસ્તા-પ્રસાદ ખર્ચ માટે મુસાફર સભ્યો ઉપરાંત અન્યત્ર રીતે પ્રાપ્ત થયેલ ફાળાની રકમનો હિસાબ રાખી દરેક સભ્યને તે આપવામાં આવે છે અને નવરાત્રીના અંતે જે જમા રકમ વધે તે આગળના વર્ષના આયોજન માટે વાપરવામાં આવે છે.

નવરાત્રી મંડળ દ્વારા એકત્ર દાનની રકમમાંથી માતાજીના ફોટા માટે ફુલહાર, ચુંદડી અને પૂજાપો અગરબત્તી વગેરેની વ્યવસ્થા કરાય છે. આ તમામ પ્રયાસો સાથે જ્યારે મુસાફરો બસમાં મા જગદંબાની આરતી-સ્તુતિ કરે છે ત્યારે બસમાં અનોખુ આધ્યાત્મિક વાતાવરણ ઉભુ થવા પામે છે.

# પરિણિતાને આત્મહત્યા માટે દુષપ્રેરણ કરવાના કેસમાં પતિને ૩ વર્ષની કેદ

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર જિલ્લાના ગલથરા ગામમાં પરિણિતાને શારિરીક માનસિક ત્રાસ આપી આત્મહત્યા માટે દુષપ્રેરણ કરવાના કેસમાં ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કાર્ટે આરોપીને ૩ વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની વિગત અનુસાર સે-૨૮ આદીવાડા વિસ્તારમાં રહેતા અરવિંદસિંહ છત્રસિંહ ચાવડાના પુત્રી અસ્મીતાબેનના લગ્ન વનરાજસિંહ સાથે થયા હતા. જયારે લગ્નજીવન દરમિયાન તેણીના સાસુ , સસરા તેમજ પતિ દ્વારા શારિરિક માનસિક ત્રાસ આપવાનુ શરૂ કરાયુ હતુ. જયારે આ ત્રાસથી કંટાળીને આપઘાતનુ દુષપ્રેરણ કરવાના કેસમાં પરિણિતાએ સાસરીમાં આત્મહત્યા કરી હતી. આ કેસમાં વનરાજસિંહના અનૈતિક સંબંધો હોવાનુ પણ પ્રકાશમાં આવ્યુ હતુ. જેના લીધે મરણજનારને લાગી આવ્યુ હતુ.

આ કેસ ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં તેમણે જણાંવ્યુ હતુ કે ટુંકા લગ્નજીવન દરમિયાન પિતાએ લાડકવાયી દિકરી ગુમાવી છે. આરોપીએ ગંભીર પ્રકારનો ગુન્હો કર્યો છે.સરકારી વકીલની દલીલો તેમજ તપાસ કરનાર અધિકારીઆની અને ડોકટરની જુબાનીને ધ્યાને લઈ જજ સારંગાબેન વ્યાસે આરોપી વનરાજસિંહ ભીખુસિંહ ચાવડાને ૩ વર્ષની કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

# નવરાત્રીના ઉજાગરાં : શરદી ખાંસી-તાવના દર્દીઓ વધ્યાં

## ગરબા ગ્રાઉન્ડમાં ઉડતી ધૂળથી એલર્જીની તકલીફો વધી : ઉજાગરાના કારણે એસીડીટી-અપચો, ઉલ્ટી-ઉબકાં તથા સતત ગરબા રમવાને કારણે હાથપગ તુટવા અને સ્નાયુ ખેંચાવાની ફરિયાદો વધી

ગાંધીનગર, તા. ૧૬

નવલી નવરાતમાં ગરબે ઘુમતા ખેલૈયાઓને રાતોના ઉજાગરા અને ગરબા ગ્રાઉન્ડમાં ઉડતી ધૂળ ભારે પડી રહી છે અને જેના પગલે શહેરના તબીબોને તડાકો પડી જવા પામ્યો છે. એક તરફ શરદ ઋતુના પગલે દિવસે ગરમી અને રાત્રે ઠંડીની ડબલ મોસમમાં આમ પણ ઋતુજન્ય સીઝનલ બિમારીના નાગરિકો ભોગ બની રહ્યાં છે. ત્યાં એલર્જી શરદી-ખાંસી-હાથપગ તુટવા-માથાનો દુઃખાવો જેવી તકલીફો પણ ખેલૈયાઓને સતાવી રહી છે. જેના કારણે શહેરના દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે. રાત્રી નાસ્તાના કારણે પણ.

શહેરના ખાનગી કે સરકારી તમામ દવાખાનામાં અત્યારે એક જ દ્રશ્ય જોવા મળી રહ્યું છે. અને તે છે લાંબી લચક લાઈનોનું દ્રશ્ય. નવરાત્રીમાં હવે ભલે ગરબા એક લાઈનમાં ના ગવાતા હોય પણ નવરાત્રીના કારણે ધૂળની એલર્જી, શરદી-ખાંસી, ઉલ્ટી-ઉબકાં જેવી તકલીફો વધી રહેલી જોવા મળી રહી છે. વળી, મોડી રાત સુધી ઉજાગરાના કારણે ખેલૈયાઓને થાકથી હાથ પગ તુટવા, સ્નાયુ ખેંચાઈ જવા, માથાનો દુઃખાવો થવો તેમજ એસીડીટી-અપચો જેવી તકલીફો સતાવી રહી છે. ખેલૈયાઓ સાથે નવરાત્રી જોવા માટે કે આયોજન-વ્યવસ્થા માટે સતત દોડધામ કરતા આયોજકો પણ આ પ્રકારની તકલીફોનો ભોગ બની રહ્યાં છે. એક તરફ દિવસે ગરમી અને રાત્રે ઠંડી બેવડી ઋતુમાં ઋતુજન્ય બિમારીઓ ચાલી રહી છે. અને સ્વાઈનફ્લુ, ડેન્ગ્યુનો ખતરો પણ મંડરાઈ રહ્યો છે. ત્યારે બીજી તરફ આ બિમારીઓ વધતા શહેરના દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે.




**ચિલોડા અક્ષર બંગ્લોઝ સોસાયટીના રહીશો ટ્રેડિશનલ ડ્રેસમાં મન મુકી ગરબે ગુમતા યુવાનો**

ગાંધીનગર તાલુકાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા વિસ્તારમાં ઠેર ઠેર શક્તિની ઉપાસનાનું પર્વ નવરાત્રી મહોત્સવની ભારે ઉમંગભેર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે નવલાં નોરતામાં ચિલોડા સ્થિત અક્ષર બંગ્લોઝ સોસાયટીમાં ખેલૈયાઓ ટ્રેડિશનલ ડ્રેસ ધારણ કરી ગ્રુપમાં મન મુકીને ગરબે ઝૂમી રહ્યા છે. ચિલોડામાં પુનમ બંગ્લોઝ રૂદ્રપ્રયાગ, ગામના મુખ્ય ચોકમાં બ્રહ્માણીમાતાજીના મંદિરે વગેરે વિસ્તારોમાં ખેલૈયાઓની અવનવી સ્ટાઈલ સાથે રાસ-ગરબાની રમઝટ મચાવી રહ્યા છે.

# ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલ બિહારની મુલાકાતે

ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે ''સ્ટેચ્યૂ ઓફ યુનિટી'' સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાની મુલાકાતે આવવા બિહારના મુખ્યમંત્રી નિતીશકુમારને આમંત્રણ આપવા તેઓ ગુજરાત પ્રતિનિધિમંડળ સાથે આગામી તા. ૨૨ ઓકટોબર પછી બિહાર જશે.

સૌરભભાઈએ બિહારના મુખ્યમંત્રીએ તેમને સમય ન આપ્યો હોવાના અહેવાલોને સ્પષ્ટપણે નકારી કાઢતા કહ્યું છે કે બિહારમાં હાલ દુર્ગા પૂજા ઉત્સવ ચાલી રહ્યો છે. આ ઉત્સવ બિહારમાં એક મોટા તહેવાર તરીકે મનાવવામાં આવે છે અને આ દિવસોમાં ત્યાં જાહેર રજાઓનો માહોલ હોય છે. તેવા સંજોગોમાં ગુજરાત પ્રતિનિધિમંડળ આ ઉત્સવ બાદ તા. ૨૨ ઓકટોબર પછી બિહાર પ્રવાસે જાય તે યોગ્ય રહે.

ઊર્જા મંત્રી ૧૫-૧૬ ઓકટોબર દરમ્યાન કર્ણાટકના પ્રવાસે છે અને ગુજરાત પ્રતિનિધિમંડળ સાથે ત્યાં તેમણે કર્ણાટકના મુખ્યમંત્રી અને રાજ્યપાલની મુલાકાત કરી તેમને પણ આ ''સ્ટેચ્યૂ ઓફ યુનિટી''ની મુલાકાત માટે ગુજરાત વતી નિમંત્રણ પાઠવ્યું છે.

રાજ્ય સરકારના મંત્રીઓ વિવિધ રાજયોમાં ગુજરાત પ્રતિનિધિમંડળ સાથે જઈને ત્યાં મુખ્યમંત્રી-રાજ્યપાલ ગુજરાતી સમાજો સૌને સરદાર સાહેબની વિરાટ પ્રતિમા નિહાળવા અને ''એક ભારત શ્રેષ્ઠ ભારત''નો સંકલ્પ સાકાર કરવા ગુજરાત આવવા નિમંત્રણ આપે છે.

આ સંદર્ભમાં ઊર્જા મંત્રી હાલ કર્ણાટકના પ્રવાસે છે અને ૨૨ ઓકટોબર બાદ બિહારની મુલાકાત લઈને બિહાર મુખ્યમંત્રીને પણ આમંત્રણ પાઠવવાના છે.

# ચિલોડા સર્કલ પાસે પાર્ક કરેલી કારનો કાચ તોડી રોકડ અને દાગીનાની ચોરી

ગાંધીનગર ખાતે સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે રહેતુ એક દંપતિ પરત તલોદ જઈ રહ્યું હતુ. ચિલોડા સર્કલ પાસે કાર પાર્ક કરી તલોદ ખાતે આવેલ રોયલ પાર્ક સોસાયટીમાં રહેતા સુકેતુ પટેલ અને પત્ની વિપા સાથે કાર પાર્ક કરીને અક્ષર કોમ્પલેક્ષ પાસે બંને નાસ્તો કરવા ગયા હતા. નાસ્તો કરીને પાછા આવ્યા ત્યારે કારનો ડ્રાઈવર સાઈડનો કાચ તોડીને તેમાંથી બેગની ચોરી કરીને તસ્કરો ભાગી છુટ્યા હતા. કારમાં તપાસ કરતાં બેગમાં રોકડ રકમ ઉપરાંત આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ તથા દાગીનાના મળી કુલ રૂ. ૧૦ હજારની મત્તા ચોરાઈ જતાં ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે ઓનલાઈન ફ્રોડ ડિટેકશન અંગે વર્કશોપનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર ખાતેના ચાંદખેડા સ્થિત વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજમાં ઓનલાઈન ફ્રોડ ડિટેક્શન અંગે વર્કશોપ યોજાયો છે. તા. ૧૫મી ઓક્ટોબરી પ્રારંથ થયેલ આ વર્કશોપ તા. ૨૦ ઓક્ટોબર સુધી ચાલશે. આ વર્કશોપમાં ભારતભરમાંથી ૫૦ જેટલા પ્રાધ્યાપકો ઉપરાંત વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યાં છે.

આજકાલ ભારત સરકારના ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત હાથ ધરાયેલા પ્રયાસોને કારણે ઓનલાઈન નાંણાકીય વ્યવહારોથી ચલણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. એક તરફ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન વધ્યાં છે તો બીજી તરફ ઓનલાઈન ફ્રોડની ફરિયાદો પણ વધવા પામી છે. આ સંજોગોમાં ઓનલાઈન ફ્રોડ ઓળખી કાઢવું કપરુ થઈ રહ્યું છે અને તે માટે મશિન લર્નિંગ અગત્ય બનતું જાય છે. પે-પાલ મની લોન્ડરીંગ સામે રક્ષણ હેતુ મશિન લર્નિંગનો ઉપયોગ થઈ રહ્યો છે જે ગ્રાહકો અને વિતરકો વચ્ચે કાયદેસર અને બિન કાયદેસરના વ્યવહારોનો તફાવત સમજાવવામાં મદદરૂપ નિવડે છે. વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજમાં ઓનલાઈન ફ્રોડ ડિટેક્શન અંગે વર્કશોપનું આયોજન કરાયું છે. જેમાં આઈઆઈટી, ઈસરો જેવી ખ્યાતનામ સંસ્થાઓ ઉપરાંત ગુજકોસ્ટના નિષ્ણાંતો વિદ્યાર્થીઓને મશિન લર્નિંગ વિષયે વિવિધ સોફ્ટવેરનું જ્ઞાન પીરસી રહ્યાં છે.